ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



## સંક્ષિપ્ત સમાચાર

### ગોધરામાં ગરીબ બાળકોના શિક્ષણ માટે પસ્તીદાનથી વિદ્યાદાન અભિયાન શરૂ



**ગોધરા :** પંચમહાલ જિલ્લાના ગોધરામાં ગરીબ અને જરૂરિયાતમંદ બાળકોના શિક્ષણ માટે એક અનોખી સેવા પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી છે. ભારતીય જનતા પાર્ટીના યુવા મોરચા અને મહિલા મોરચા દ્વારા ગોધરા એ.પી.એમ.સીના વિશેષ સહકારથી પસ્તીદાનથી વિદ્યાદાન નામનું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાનનો મુખ્ય હેતુ ગામડાના અને ગરીબ વિસ્તારના બાળકો સુધી શિક્ષણની સુવિધા પહોંચાડવાનો છે. આ માટે જિલ્લાના જાગૃત નાગરિકો પાસેથી જૂની પસ્તી, ચોપડીઓ, પુસ્તકો અને ભણવા માટેની અન્ય સામગ્રી એકઠી કરવામાં આવશે. આ બધી ભેગી થયેલી સામગ્રી ગરીબ અને ભણવામાં હોશિયાર હોય તેવા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને પહોંચાડવામાં આવશે જેથી તેઓ પોતાનો અભ્યાસ સારી રીતે કરી શકે.

### દાહોદ APMCના ચેરમેનની ચુંટણી મોકૂફ નવી તારીખ જાહેર કરાશે : ચુંટણી અધિકારી



**દાહોદ :** દાહોદ એપીએમસી ચેરમેન વાઈસ ચેરમેનની ચુંટણી આજે ગજબનો સિનારીયો જોવા સર્જાયો હતો. ચુંટણી સભા શરુ થયાની ગણતરી ની મિનીટોમાં સભ્યો છોડીને જતા રહ્યા હતા ત્યારબાદ ચુંટણી અધિકારી એ સમય આપ્યા હતા. બપોરના ૧.૦૦ કલાક સુધી ડિરેક્ટરો સભામા ન આવતા આખરે ચુંટણી મોકૂફ રાખવામાં આવતા અનાજ માર્કેટ સહિત શહેર અને જિલ્લામાં ચકચાર મચી હતી. પરંતુ ૧.૦૦ સુધી સભ્યો સભાખંડમાં ન આવતા આખરે ચુંટણી અધિકારી દ્વારા ચુંટણી સભા મોકૂફ રાખવામાં આવી હતી. આ ઘટના બનતા માર્કેટ સહિત વિવિધ પક્ષમાં સોંપો પડી ગયો હતો. ચુંટણી અધિકારી દિનેશભાઈ ખેર દ્વારા ચુંટણી નવી તારીખ ની હવે પછી જાહેરાત કરવામાં આવશે તેમ જણાવ્યું છે.

### હાલોલમાં બ્રહ્મસમાજ દ્વારા 'પરશુરામ પ્રીમિયર લીગ' ક્રિકેટ ટૂર્નામેન્ટનું ભવ્ય આયોજન કરાયું



**હાલોલ :** હાલોલ શહેરમાં સમસ્ત બ્રહ્મસમાજ માતૃ સંસ્થાના સૌજન્યથી ભવ્ય 'પરશુરામ પ્રીમિયર લીગ' ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.સમાજના યુવાનોમાં ખેલદિલી વધે અને સમગ્ર સમાજમાં એકતાની ભાવના મજબૂત થાય તેમજ બ્રહ્મસમાજનું ગૌરવ વધે તેવા ઉમદા હેતુ સાથે આ રમત ઉત્સવનું આયોજન કરાયું છે. તા.2 જૂનથી ટૂર્નામેન્ટનો વિધિવત પ્રારંભ થઈ ચૂક્યો છે, જેમાં બ્રહ્મસમાજના ખેલાડીઓ ભારે ઉત્સાહ સાથે મેદાનમાં ઉતર્યા છે. ચાર મજબૂત ટીમો વચ્ચે જંગ જામશે અને 5 જૂને ફાઈનલ મેચ રમાશે.આ પ્રીમિયર લીગમાં કુલ ચાર ટીમો ભાગ લઈ રહી છે

### ઝાલોદ APMCમાં આમ AAPની રજૂઆત બાદ પાણીની પાણીની શરૂ કરાઇ



**દાહોદ :** ઝાલોદ APMC અનાજ માર્કેટયાર્ડ ખાતે ઉનાળાની કાળઝાળ ગરમીને ધ્યાનમાં રાખીને પીવાના પાણીની સુવિધા ઊભી કરવા માટે કેટલાય દિવસોથી આમ આદમી પાર્ટી દ્વારા તંત્રને રજૂઆત કરવામાં આવી હતી, જેને પગલે માર્કેટયાર્ડ પ્રશાસન દ્વારા તાત્કાલિક ધોરણે પીવાના પાણીની પરબ શરૂ કરવામાં આવી છે. આ સુવિધા કાર્યરત થતાં જ આમ આદમી પાર્ટીના ઝાલોદ વિધાનસભા પ્રમુખ અનિલભાઈ ગરાસીયાએ માર્કેટયાર્ડની રૂબરૂ મુલાકાત લઈને વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું.

### મોડી સાંજે વાવાઝોડામાં દાહોદ સર્કિટ હાઉસ નજીક તોતિંગ વૃક્ષ ધરાશાયી



**દાહોદ :** ગત રોજ મોડી સાંજના સાતેક વાગ્યાના સુમારે ફૂંકાયેલા વાવાઝોડામાં દાહોદ સર્કિટ હાઉસ નજીક એક તોતિંગ વૃક્ષ અચાનક મૂળમાંથી ઉખડીને પડી જતા સર્કિટ હાઉસની દીવાલને નુકસાન થવા પામ્યું હતું તેમજ એસપી કચેરીથી સર્કિટ હાઉસ તરફ જતો રોડ બ્લોક થઈ જવા પામ્યો હતો. દાહોદ નગરપાલિકાના પદાધિકારીઓ વગેરે તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને રસ્તો બ્લોક તથા લોકોને અવરજવરમાં અગવડ ના પડે તે હેતુથી યુદ્ધના ધોરણે જેસીબીની મદદથી તાત્કાલિક વૃક્ષ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

---

**સ્માર્ટસિટી પ્રોજેક્ટ હેઠળ લાખો રૂપિયાનો ખર્ચે એળે ગયો : પ્લેટોમાં કાટ લાગેલો દેખાયો**

## દાહોદ સ્માર્ટસિટી સાઈન બોર્ડની ગુણવત્તા સામે ઉઠ્યા સવાલો, તાત્કાલિક તપાસની માંગ

**સાઈન બોર્ડની** ગુણવત્તા, કામગીરી અને દેખરેખ અંગે પણ પ્રશ્નો ઉભા થયા



(પ્રતિનિધિ) દાહોદ, તા.4
દાહોદ શહેરમાં બે દિવસ અગાઉ ગરબાડા ચોકડી પાસે સ્માર્ટસિટી પ્રોજેક્ટ અંતર્ગત લગાવવામાં આવેલ સાઈનબોર્ડ ધરાશાયી થવાની ઘટનામાં ત્રણ લોકોના મોત થયા બાદ સમગ્ર શહેરમાં આવા અન્ય સાઈનબોર્ડની સલામતી અંગે ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. શહેરના વિવિધ પ્રવેશ દ્વારો પર લગાવવામાં આવેલા અનેક સાઈન બોર્ડની સ્થિતિ પણ ચિંતાજનક હોવાનું સામે આવી રહ્યું છે.

સ્થળ પરના નિરીક્ષણ દરમિયાન કેટલાક સાઈનબોર્ડના ફાઉન્ડેશનમાં લગાવવામાં આવેલા નટ-બોલ્ટ ગાયબ હોવાનું તેમજ લોખંડના પતરા અને પ્લેટોમાં કાટ લાગવાથી મોટા છિદ્રો પડી ગયા હોવાનું જોવા મળ્યું છે. સ્થાનિકોમાં એવી પણ ચર્ચા છે કે ભારે વજન ધરાવતા આ વિશાળ સાઈનબોર્ડ માત્ર પાતળી પ્લેટો અને નટ-બોલ્ટના આધારે ઉભા રાખવામાં આવ્યા છે, જેના કારણે ભવિષ્યમાં પણ અકસ્માતની શક્યતાઓ નકારી શકાય તેમ નથી. ગરબાડા ચોકડીની દુર્ઘટના બાદ પણ અન્ય જોખમી સાઈનબોર્ડ અંગે હજુ સુધી કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી, જેના કારણે નાગરિકોમાં ચિંતા વ્યાપી છે. સ્થાનિકો દ્વારા તમામ સાઈનબોર્ડની તાત્કાલિક તકનીકી તપાસ કરાવી જોખમી બોર્ડ દૂર કરવાની માંગ ઉઠી રહી છે. સ્માર્ટસિટી પ્રોજેક્ટ હેઠળ લાખો રૂપિયાના ખર્ચે સ્થાપિત કરવામાં આવેલા આ સાઈન બોર્ડની ગુણવત્તા, કામગીરી અને દેખરેખ અંગે પણ પ્રશ્નો ઉભા થયા છે. સમગ્ર મામલે જવાબદાર એજન્સી, કોન્ટ્રાક્ટર તથા સંબંધિત અધિકારીઓની ભૂમિકા અંગે પારદર્શક તપાસ કરી જરૂરી કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી રહી છે. શહેરના તમામ સાઈનબોર્ડનું સુરક્ષા ઓડિટ હાથ ધરી યોગ્ય પગલાં લેવામાં આવે તે સમયની માંગ બની છે.

---

**સાંસદ ડૉ. જશવંતસિંહ પરમારની મંત્રીને રજૂઆત**

## કોલીયારી ડેમની કેનાલ શરૂ કરી ખેડૂતોને પાણી આપવા ઉગ્ર માંગ



(પ્રતિનિધિ) ગોધરા, તા.4
રાજ્યસભાના સાંસદે કોલીયારી ડેમની કેનાલને અન્ય કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરીને પણ તાત્કાલિક ચાલુ કરવા અને સ્થાનિક ખેડૂતોને પાણી ઉપલબ્ધ કરાવવા માટે મંત્રીને અંગત ભલામણ કરી છે.પત્રમાં જણાવ્યા મુજબ, મોરવા હડફ તાલુકામાં આવેલા કોલીયારી ડેમનું બાંધકામ વર્ષ 1996 થી 1999 દરમિયાન શરૂ કરવામાં આવ્યું હતું. જોકે, ડેમની જમીનમાં આવતા અસરગ્રસ્ત લોકોના ફરી વસવાટના પ્રશ્નોને કારણે આ ડેમનું કામ સંપૂર્ણ રીતે પૂરું થઈ શક્યું ન હતું. બીજી તરફ, આ ડેમની ડાબી બાજુની મુખ્ય કેનાલ તેમજ તેની ચાર પેટા શાખાઓ બનાવવાનું કામ પૂરું થઈ ગયું છે. આમ છતાં, ડેમ અધૂરો હોવાના કારણે આજ દિન સુધી કેનાલમાં પાણી છોડવામાં આવ્યું નથી અને આસપાસના ગામના ખેડૂતો સિંચાઈના લાભથી વંચિત રહી ગયા છે. ખેડૂતોની આ મોટી સમસ્યાને ધ્યાનમાં રાખીને સાંસદ ડૉ. જશવંતસિંહ પરમારે મંત્રીને વિનંતી કરી છે કે, અત્યારે ઉપલબ્ધ પાણીના અન્ય સ્ત્રોતમાંથી વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરીને પણ આ કેનાલને વહેલી તકે કાર્યરત કરવામાં આવે. ખેડૂતોના હિતમાં આ બાબતે તાત્કાલિક અને હકારાત્મક પગલાં લેવામાં આવે તેવી તેમણે પત્ર દ્વારા ખાસ અપીલ કરી છે.

---

**MGVCLનું અંડરગ્રાઉન્ડ કામ ૪ મહિનાથી ઠપ્પ**

## સિંગવડમાં ખુલ્લા ખાડા અને રઝળતી પાઈપો બન્યા વરસાદમાં જોખમી સાબિત થશે



(પ્રતિનિધિ) સિંગવડ,દાહોદ, તા.4
સિંગવડ ખાતે MGVCL દ્વારા શરૂ કરાયેલ અંડરગ્રાઉન્ડ વીજલાઈનનું કામ છેલ્લા ત્રણથી ચાર મહિનાથી સંપૂર્ણપણે બંધ હાલતમાં છે. કોન્ટ્રાક્ટર દ્વારા કામ અધૂરું મૂકી દેવાતા સમગ્ર વિસ્તારમાં અવ્યવસ્થા ફેલાઈ છે. ગામમાં ઠેર ઠેર ખુલ્લા ખાડા પડ્યા છે અને અંડરગ્રાઉન્ડ કરેલી પાઈપોના મોઢા બહાર નીકળેલા દેખાઈ રહ્યા છે.

ઘણી જગ્યાએ તો પાઈપોના બંડલ રસ્તાની એક બાજુએ આડેધડ ફેંકી દીધેલા નજરે પડે છે. ચોમાસામાં ખોદેલા ખાડાઓમાં પાણી ભરાતા અકસ્માત અને રોગચાળાનો ભય વધ્યો છે. આ બેદરકારીથી ત્રસ્ત થઈને લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. સ્થાનિક આગેવાનોએ આક્ષેપ કર્યો કે અનેકવાર રજૂઆત છતાં MGVCLના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર આંખ આડા કાન કરી રહ્યા છે.

ચાર મહિનાથી કામ બંધ હોવા છતાં કોઈ નક્કર કાર્યવાહી થઈ નથી, જે તંત્રની ઘોર બેદરકારી છતી કરે છે. ગ્રામજનોએ આખરી ચીમકી ઉચ્ચારી છે કે જો 7 દિવસમાં કામ ફરી શરૂ કરી પૂર્ણ કરવામાં નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન છેડવામાં આવશે, જેની સંપૂર્ણ જવાબદારી તંત્રની રહેશે

---

**તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે?**

## કાલોલ નગરમાં ભયજનક જર્જરિત મકાન ગમે ત્યારે ધરાશાયી થવાની ભીતિ



(પ્રતિનિધિ) કાલોલ, તા.4
કાલોલ નગરના મધ્યમાં આવેલા પોરવાડ ફળિયામાંથી એક અત્યંત ચિંતાજનક અને વહીવટી તંત્રની ઘોર બેદરકારી દર્શાવતો કિસ્સો સામે આવ્યો છે. ફળિયામાં આવેલ ઘર નંબર ૧૩૯૫ વાળું મકાન હાલમાં અત્યંત જર્જરિત અને બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયું છે. આ વર્ષો જૂનું મકાન ગમે તે ક્ષણે ધરાશાયી થાય તેવી સ્થિતિમાં ઊભું છે, જેના કારણે સ્થાનિક રહીશો સતત ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, આ ભયજનક મકાનને ઉતારી લેવા માટે આજથી બરાબર એક વર્ષ પહેલાં પોરવાડ ફળિયાના રહીશોએ કાલોલ નગરપાલિકાને લેખિતમાં વિગતવાર અરજી આપી હતી. પરંતુ અત્યંત આશ્ચર્ય અને આક્રોશની વાત એ છે કે, આ અરજીને એક આખું વર્ષ વીતી ગયું હોવા છતાં આજ દિન સુધી નગરપાલિકા તંત્ર દ્વારા આ મકાન ઉતારવા અંગે કોઈ જ પ્રિલિમિનરી કે નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. માસૂમ બાળકો અને વાહનો પર મંજરાતું મોતનું જોખમ આ જર્જરિત મકાનની નીચે જ ફળિયાના નાના માસૂમ બાળકો દરરોજ ખેલકૂદ અને રમતગમત કરતા હોય છે. આ ઉપરાંત, આસપાસના રહીશો પોતાના વાહનો પણ ત્યાં પાર્ક કરે છે. મકાન એટલું જર્જરિત થઈ ગયું છે કે તેની ઉપરથી અવારનવાર ઈંટો, પતરાં અને કાટમાળ નીચે રસ્તા પર પડે છે, જેના કારણે નાની-મોટી ઈજાઓ થવાના બનાવો બની ચૂક્યા છે. જો આ આખું મકાન અચાનક ધરાશાયી થશે, તો નિર્દોષ બાળકોના જીવ જઈ શકે છે અને મોટા પાયે જાનમાલનું નુકસાન થઈ શકે છે. સ્થાનિકોમાં એ વાતને લઈને ભારે રોષ છે કે હજુ હમણાં જ પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના જ ફતેપુરી ગામે એક જૂનું મકાન તૂટી પડવાના કારણે એક ૧૩ વર્ષની માસૂમ બાળકીનું મોત નીપજ્યું છે.

---

**લોકોને આરોગ્યની સુખાકારી પ્રદાન કરે છે**

## સુખસર, ફતેપુરા તથા સંજેલી તાલુકામાં ધનવંતરી આરોગ્ય રથ સેવા

**સ્લમ વિસ્તારોમાં** હિમોગ્લોબિન, બીપી, સુગર ટેસ્ટ સાથે નિ:શુલ્ક દવા વિતરણ અને ઈ-નિર્માણ કાર્ડની સુવિધા



(પ્રતિનિધિ) સુખસર,તા.4
ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોમાં વસતા શ્રમિકો તેમજ ગરીબ વર્ગના લોકોને તેમના કાર્ય સ્થળેજ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે ધનવંતરી આરોગ્ય રથ મહત્વની ભૂમિકા ભજવી રહ્યો છે.સુખસર, ફતેપુરા અને સંજેલી તાલુકાની જવાબદારી સંભાળતો આ આરોગ્ય રથ કન્સ્ટ્રક્શન સાઈટો, સ્લમ વિસ્તારો અને બાંધકામ ક્ષેત્રે કાર્યરત શ્રમિકો સુધી પહોંચી આરોગ્ય તપાસ અને સારવારની સુવિધા પૂરી પાડી રહ્યો છે. ધનવંતરી આરોગ્ય રથમાં હિમોગ્લોબિન,બ્લડ પ્રેશર(બીપી), બ્લડ સુગર સહિતના વિવિધ આરોગ્ય પરીક્ષણો સ્થળ ઉપરજ કરવામાં આવે છે.તપાસ દરમ્યાન જરૂરિયાતમંદ લોકોને નિ:શુલ્ક દવાઓ પણ આપવામાં આવે છે. જેના કારણે રોજગારીમાં વ્યસ્ત શ્રમિકોને આરોગ્ય સેવાઓ માટે હોસ્પિટલ કે આરોગ્ય કેન્દ્ર સુધી જવાની જરૂરિયાત ઓછી થઈ છે.

---

## સિંગવડ તાલુકા પંચાયત ખાતે પ્રમુખ-ઉપપ્રમુખે વિધિવત રીતે પદભાર સંભાળ્યો



(પ્રતિનિધિ) સિંગવડ, તા.4
સિંગવડ તાલુકા પંચાયતના નવનિયુક્ત પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ભાભોર અને ઉપપ્રમુખ શ્રીમતી નિરાલીબેન બારીઆ એ આજે વિધિવત રીતે તાલુકા પંચાયત ખાતે પદભાર સંભાળ્યો હતો. આ પ્રસંગે દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોર અને લીમખેડાના ધારાસભ્ય શૈલેશભાઈ ભાભોર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પદગ્રહણ સમારોહમાં ભારતીય જનતા પાર્ટી સિંગવડ તાલુકા પ્રમુખ મહેશભાઈ બારીયા મહામંત્રી ઓ તાલુકાના આગેવાનો, તાલુકા પંચાયતના નવનિયુક્ત સદસ્યો સરપંચો અને મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા. સાંસદ જશવંતસિંહ ભાભોરે નવા હોદ્દેદારોને શુભેચ્છા પાઠવી તાલુકાના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ રહેવા આહ્વાન કર્યું હતું. ધારાસભ્ય શૈલેશભાઈ ભાભોરે પણ પ્રમુખ-ઉપપ્રમુખને અભિનંદન આપી જનસેવાના કાર્યોને પ્રાથમિકતા આપવા જણાવ્યું હતું.

---

**પ્રિમોન્સૂન કામગીરીના નામે ચાલતી બેદરકારી**

## ગોધરાના બામરોલી રોડ પર છાશવારે વીજળી ડૂલ થવાની સમસ્યા

(પ્રતિનિધિ) ગોધરા, તા.4
ગોધરા શહેરના બામરોલી રોડ પર છાસવારે લાઈટો બંધ થઈ જવાના કારણે ત્યાંના લોકો મુશ્કેલીમાં મુકાય છે ગોધરા શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી એમજીવીસીએલ દ્વારા તેમની કામગીરીની પોલ ખુલી ગયેલ છે છાશવારે લાઈટો બંધ થઈ જવાથી ગોધરા શહેરની પ્રજા અસહ્ય ગરમીમાં ત્રાહિમામ પોકારી ગયેલ છે વારંવાર લાઈટ બંધ થવાને કારણે કેટલાય વ્યક્તિઓના વીજ ઉપકરણોને ભારે આર્થિક નુકસાન થઈ રહેલ છે વારંવાર ની ફરિયાદ એમજીવીસીએલના બહેરા કાને અથડાઈ પરત આવી રહી છે લાઈટ બંધ થયાની ફરિયાદ નોંધાવવા માટેનો આપેલ નંબર સતત એન્ગેજ આવ્યા કરે છે.

જેને કારણે પ્રજા પોતાની ફરિયાદ પણ લખાવી શકતી નથી તથા લાઈટ ક્યારે આવશે એ જાણી શકતી નથી ઉનાળાની ભયંકર ગરમીમાં પ્રજા અને એમાય ખાસ કરીને સિનિયર સિટીઝનો ની હાલત ખૂબ જ દયનીય થઈ ગયેલ છે પ્રજાનો અવાજ કોઈ સાંભળવા તૈયાર નથી વારંવાર લાઈટ જવું એ પ્રિમોન્સૂન કામગીરીની પોલ ખોલી નાખી છે આ હાલત દર વર્ષે થઈ રહેલ છે છતાં પણ કોઈ કાયમી ધોરણે નિરાકરણ આવતું નથી જે અંગે તંત્ર ધ્યાને લઈ ઘટતુ કરે તેવી લોકમાંગ ઉઠી છે.

---

**કડક કાર્યવાહીને પગલે રેતી માફિયાઓમાં ફફડાટ ફેલાયો**

## દેવગઢબારીયામાં રેતી માફિયાઓ પર તંત્રનો પ્રહાર: 9 ડમ્પર ઝડપાયા, 4.26 લાખનો દંડ ફટકારાયો



(પ્રતિનિધિ) દાહોદ, તા.4
દેવગઢ બારીયા વિસ્તારમાં ગેરકાયદેસર રેતી પરિવહન અને ઓવરલોડ વાહનો સામે સ્થાનિક વહીવટી તંત્રએ કડક કાર્યવાહી હાથ ધરી છે. પ્રાંત અધિકારી અને મામલતદારની સંયુક્ત ટીમ દ્વારા કરવામાં આવેલી વિશેષ ડ્રાઈવ દરમિયાન ઓવરલોડ તેમજ શંકાસ્પદ રેતી ભરેલા કુલ 9 ડમ્પરો ઝડપી પાડવામાં આવ્યા હતા.

જેના સામે કાયદેસરની કાર્યવાહી કરીને રૂ. 4,26,000નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. વિસ્તારમાં લાંબા સમયથી નદી પટ્ટાઓમાંથી ગેરકાયદેસર રેતી ખનન અને રેતી ભરેલા ભારે વાહનોની બેફામ અવરજવર અંગે સ્થાનિક લોકો દ્વારા અનેક રજૂઆતો કરવામાં આવી રહી હતી. લોકોમાં એવો પણ સવાલ ઉઠી રહ્યો છે કે જ્યારે વહીવટી તંત્ર ઓવરલોડ વાહનોને ઝડપી શકે છે, ત્યારે ખનિજ વિભાગ દ્વારા ગેરકાયદેસર ખનન અટકાવવા માટે વધુ અસરકારક કામગીરી કેમ કરવામાં આવતી નથી.સ્થાનિક આગેવાનો અને ગ્રામજનોએ માંગ કરી છે કે માત્ર ડમ્પરો પકડવાથી સમસ્યાનો સંપૂર્ણ ઉકેલ આવશે નહીં, પરંતુ નદી પટ્ટાઓમાં ચાલી રહેલા ગેરકાયદેસર રેતી ખનનના રેકેટ સામે પણ સઘન તપાસ કરીને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ છે.

---

## કાલોલમાં બોરૂ ઈન્ટેક વેલ નજીક રૂ. ૧૦,૦૦૦ના વાયરની ચોરી

(પ્રતિનિધિ) કાલોલ, તા.4
કાલોલ નગરમાં ચોરીના બનાવો વધી રહ્યા હોવાની બૂમો ઉઠી રહી છે. તાજેતરમાં જ કાલોલના બોરૂ ઈન્ટેક વેલ ખાતેથી સરકારી વાયરની ચોરી થવાનો વધુ એક બનાવ પ્રકાશમાં આવ્યો છે, જેને પગલે સમગ્ર પંથકમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઉભા થયા છે.પ્રાપ્ત વિગતો અનુસાર, પાણી પુરવઠા વિભાગ (ગોધરા) ખાતે મદદનીશ ઈજનેર યાંત્રીક તરીકે ફરજ બજાવતા ટ્વીંકલબેન ફતેસિંહ પઢીયારે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, કાતોલ બોરૂ ઈન્ટેક વેલ ખાતે નર્મદા કેનાલની પાળ ઉપર લગાડેલ આશરે ૨૫ મીટર જેટલો ઈલેક્ટ્રિક વાયર (કેબલ), જેની કિંમત રૂ. ૧૦,૦૦૦/- થાય છે.

---

**દાહોદ LCBનો સપાટો : ઝાલોદ પોલીસ ઉંઘતી ઝડપાઇ**

## ૧૫ દિવસમાં બે જુદીજુદી જગ્યાએથી રૂ.૧૪.૪૦ લાખનો દારૂ ઝડપ્યો

(પ્રતિનિધિ) ઝાલોદ, તા.4
દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં છેલ્લા 15 દિવસ દરમિયાન વિદેશી દારૂની હેરાફેરીના બે મોટા કિસ્સાઓનો પર્દાફાશ થતાં સ્થાનિક પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. ખાસ કરીને બંને કાર્યવાહી દાહોદ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) દ્વારા કરવામાં આવી હોવાને કારણે ઝાલોદ પોલીસની ગુપ્તચર વ્યવસ્થા, પેટ્રોલિંગ અને પ્રોહિબિશન અમલવારી અંગે ચર્ચાઓ તેજ બની છે. તાજેતરમાં દાહોદ LCBએ ચોક્કસ બાતમીના આધારે ઝાલોદ તાલુકાના કદવાળ ગામ નજીક સિમેન્ટની થેલીઓની આડમાં સંતાડીને લઈ જવાતો વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપી પાડ્યો હતો. રાજસ્થાન પાસિંગના ટાટા ટ્રકમાં ખાસ બનાવવામાં આવેલા ગુપ્ત ચોરખાનામાંથી 499 પેટી વિદેશી દારૂ અને બિયરની કુલ 14,040 બોટલો મળી આવી હતી. પોલીસે દારૂ, ટ્રક, મોબાઈલ ફોન સહિત કુલ 39.91 લાખનો મુદ્દામાલ કબજે કરી એક આરોપીની ધરપકડ કરી હતી. આ અગાઉ પણ દાહોદ LCBએ ઝાલોદ તાલુકાના નાનસલાઈ ગામ વિસ્તારમાં સીએનજી રિક્ષામાં લઈ જવાતો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. પોલીસે 206 બોટલ દારૂ અને બિયર કબજે કરી હતી. જોકે, પોલીસને જોઈ રિક્ષા ચાલક વાહન છોડીને ફરાર થઈ ગયો હતો.